
# પાણીથી બાપ્તિસ્મા



આશિષ રાયચૂર

મફત વિતરણ માટેજ
ઓલ પીપલ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચ દ્વારા મુદ્રિત અને વિતરિત કરવામાં આવ્યું.
પ્રથમ આવૃતિ: ઓક્ટોબર ૨૦૦૫
સુધારેલી આવૃતિ: જાન્યુઆરી ૨૦૨૦
ગુજરાતી ભાષાંતર : જુન 2021

સંપર્ક:

All People Church & World Outreach,
# 319, 2nd Floor, 7th Main, HRBR layout, 2nd Block,
Kalyan Nagar, Bangalore – 560043, Karnataka, India.

Phone: +91-80-25452617
Email: bookrequest@apcwo.org.
Website: apcwo.org

Unless otherwise indicate, all scripture, quotations are taken from the Holy Bible, New King James Version. Copyright © 1982 by Thomas Nelson, Inc., Used by permission. All Rights reserved.

Biblical definitions, Hebrew and Greek words and their meanings are drawn from the following resources:
Thayer's Greek Definitions. Published in 1886, 1889; public domain.
Strong's Hebrew and Greek Dictionaries, Strong's Exhaustive Concordance by James Strong, S.T.D., L.L.D. Published in 1890; public domain.
Vine's Complete Expository Dictionary of Old and New Testament Words, © 1984, 1996, Thomas Nelson, Inc., Nashville, TN.

નાણાકીય ભાગીદારી:

ઓલ પીપલ ચર્ચના સભ્યો, ભાગીદારો અને મિત્રોની નાણાકીય મદદ દ્વારા આ પ્રકાશનનું મફત વિતરણ શક્ય બન્યું છે. જો તમે આ પુસ્તક દ્વારાઆશીર્વાદિત થયા છો તો અમે આપને આ પુસ્તકનાં છાપકામ અને વિતરણ અર્થે નાણાકીય સહકાર માટે આંમત્રીત કરીએ છીએ. કૃપા કરી આ પુસ્તકનાં અંતિમ ભાગમાં આપેલ વેબ સાઇટ એડ્રેસ, apcwo.org, પર સંપર્ક કરી શકો છો. આભાર.

ટપાલ યાદી:

જો આપ આ પુસ્તક કે હવે પછી પ્રકાશિત થનાર પુસ્તકો મેળવવા માગો છો તો કૃપા કરી આપનું નામ, સરનામું અને અન્ય વિગતો Email: bookrequest@apcwo.org પર મોકલી શકો છો.

# પાણીથી બાપ્તિસ્મા

# અનુક્રમણિકા


પ્રસ્તાવના ..........1

1. પસ્તાવાની નિશાની ..........2

2. ન્યાયીપણાની પરિપૂર્ણતા ..........6

3. તેના શિષ્ય હોવાની સાક્ષી ..........11

4. ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસની સાક્ષી ..........15

5. ઇસુ સાથે ઓળખની ઘોષણા ..........19

6. સારા અંતઃકરણનો પ્રતિસાદ ..........23

7. કેટલાક સામાન્ય પ્રશ્નોનાં ઉત્તરો ..........25

# પ્રસ્તાવના

ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસી વ્યક્તિ તરીકેની આપણી યાત્રામાં પાણીથી બાપ્તિસ્મા લેવું એ ખૂબ જ અગત્યનો અનુભવ છે. આપણ દરેક જેઓએ ઇસુ પર વિશ્વાસ કરવાનો અને તેને અનુસરવાનો નિર્ણય કર્યો છે તેઓ કોઈક સમયે આ અગત્યનું પગલું ચોક્કસ લઈશું. જેઓ ઇસુને અનુસરવાનું પસંદ કરે છે તેઓને ઇસુએ આદેશ આપ્યો છે કે પાણીથી બાપ્તિસ્મા લેવું. તેથી આ આદેશનું પાલન થવું જોઈએ. અહી દેવના વચનો આધારિત આ અભ્યાસ પુસ્તિકા પાણીથી બાપ્તિસ્મા અંગેનો અર્થ અને તેનું મહત્વ સમજવા તમને મદદ કરશે કે જેઓ પાણીથી બાપ્તિસ્મા પામવા માટે તૈયારી કરી રહ્યાં છે.

પાણીથી બાપ્તિસ્મા સબંધી ૬ અગત્યના સત્યો આપણે જોવાના છીએ:

1. પસ્તાવાની નિશાની,
2. ન્યાયપણાની પરિપૂર્ણતા,
3. તેના શિષ્ય હોવાની સાક્ષી,
4. ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસની સાક્ષી,
5. ઇસુ સાથેની ઓળખની ઘોષણા,
6. સારા અંતઃકરણનો પ્રતીસાદ.

પાણીથી બાપ્તિસ્મા અંગે લોકો દ્વારા પૂછાતાં કેટલાક સામાન્ય સવાલોના ઉત્તર પણ અત્રે આપવામાં આવ્યાં છે.

પ્રભુ તમને આશિષ આપો!
આશિષ રાયચૂર

# 1. પસ્તાવાની નિશાની

નવા કરારમાં, જે વ્યક્તિએ પાણીથી બાપ્તિસ્મા અંગેની જાહેરાત કરી અને લોકોનું પાણીથી બાપ્તિસ્મા કર્યું તે વ્યક્તિ યોહાન બાપ્તિસ્મા કરનાર હતો. યોહાન બાત્પિસ્મા કરનાર ઇસુ ખ્રિસ્તનો અગ્રદૂત હતો. તેનું કામ લોકોને ઇસુની સેવા સબંધી તૈયાર કરવાનું અને જગત સમક્ષ ઇસુ ખ્રિસ્તનો પરિચય કરાવવાનું હતું.

**માર્ક 1:4-5**
**4 તેમ યોહાન રાનમાં બાપ્તિસ્મા આપતો, અને પાપોની માફીને સારૂ પસ્તાવાનું બાપ્તિસ્મા પ્રસિદ્ધ કરતો હતો.**
**5 અને આખા યહૂદીયા દેશના તથા યરૂશાલેમના રહેવાસીઓ તેની પાસે ગયા; અને બધાં પોતાનાં પાપ કબૂલ કરીને યર્દન નદીમાં તેનાથી બાપ્તિસ્મા પામ્યાં.**

યોહાનનું બાપ્તિસ્મા એ પસ્તાવાનું બાપ્તિસ્મા હતું. એ અર્થ એ છે કે જેઓએ પસ્તાવો કર્યો, તેની પાસે આવ્યાં અને ત્યારબાદ યોહાનથી બાપ્તિસ્મા પામ્યાં.

“પસ્તાવો” શબ્દ એ ગ્રીક ભાષાના ‘*metanoia*’ શબ્દ પરથી આવેલ છે જેનો અર્થ થાય છે કે “મન અથવા હેતુનું બદલાણ” કે જે હમેશા વધુ સારા બદલાણનો ઉલ્લેખ કરે છે. નવા કરારમાં, પસ્તાવો એટલે આપણાં પોતાના પાપો અને પાપી અવસ્થા વડે ભરાયેલા મન અને હેતુનું બદલાણ અને દેવગમન, દેવનાં માર્ગમાં અનુસરવાનું પસંદ કરવું.

યોહાન દ્વારા પ્રથમ વાર જે બાપ્તિસ્માનો પરિચય અને ઉપદેશ આપવામાં આવ્યો, તેમાં નીચેની બાબતો હતી:

- ✓ પાપોની કબૂલાત (માર્ક 1:5) એનો અર્થ એ થયો કે તેઓએ તેમનાં ખોટા કાર્યોને ઓળખ્યા અને ઈશ્વર સમક્ષ તેનો સ્વીકાર કર્યો.
- ✓ પસ્તાવો કરનારને શોભે તેવાં ફળ ઉપજવવા (લૂક 3:8) એનો અર્થ એ થયો કે તેઓના પસ્તાવાની સાબિતી રૂપે તેમની જીવન જીવવાની રીતમા બદલાણ થયું (લૂક 3:11-14)

✓ તેથી, પ્રથમ મનનું (વિચાર શૈલી) બદલાણ થયું જેને પરિણામે જીવન જીવવાની (જીવન શૈલી) રીતમાં પરીવર્તન આવ્યું.

બાપ્તિસ્મા કે બાપ્તિસ્મા લેવું શબ્દ ગ્રીક ભાષાનાં બેપ્ટિઝો શબ્દ પરથી આવે છે જેનો અર્થ "ડૂબવું," "નિમજ્જન કરવું," "ડૂબી જવું," "અભિભૂત કરવું," "ડૂબકી મારીને શુદ્ધ થવું" એવો થાય છે. બાપ્તિસ્મા એ એવા પ્રકારની વિધિ છે કે જે ગ્રીક ભાષાનાં શબ્દ "બાપ્તિસ્મા" પરથી આવે છે જેનો સરળ અર્થ થાય છે કે "નિમજ્જન કરવું", "ડૂબકી મારવી". બંને શબ્દોનાં અર્થ પરથી અને નવા કરારમાનાં બાપ્તિસ્માના સંસ્કારથી તથા પાણીથી બાપ્તિસ્મા (જે અંગે આપણે આ પુસ્તિકામાં અભ્યાસ કરવા છીએ)ના મહત્વથી સ્પષ્ટ થાય છે કે જ્યારે કોઈ વ્યક્તિનું પાણીથી બાપ્તિસ્મા થાય છે ત્યારે તે વ્યક્તિનું સંપૂર્ણપણે નિમજ્જન થાય છે કે તેનું વ્યક્તિત્વ પાણીમાં ગરકાવ થઈ જાય છે. નવા કરારનું પાણીથી થતું બાપ્તિસ્મા એ વ્યક્તિ પર પાણીના છંટકાવ અંગે નથી, પણ વ્યક્તિ પાણીમાં સંપૂર્ણ રીતે ડૂબકી મારીને બહાર આવે તે અંગેનું છે.

## પસ્તાવો અને વિશ્વાસ

પસ્તાવાનાં સંદેશમાં દેવનાં રાજ્યની સુવાર્તા પર વિશ્વાસ કરવા દ્વારા દેવનાં રાજયમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું અને છે.

**માર્ક 1:14-15**
**14 અને યોહાનના પરસ્વાધીન કરાયા પછી ઇસુ ગલીલમાં આવ્યો, ને દેવની સુવાર્તા પ્રગટ કરતાં તેણે કહ્યું કે,**
**15 સમય પૂરો થયો છે, ને દેવનું રાજ્ય પાસે આવ્યું છે; પસ્તાવો કરો, ને સુવાર્તા પર વિશ્વાસ કરો.**

જે રીતે પ્રેરિત પાઉલે પાછળથી એફેસીના લોકોને સમજાવ્યું:

**પ્રેરિતોના કૃત્યો 19:4**
**ત્યારે પાઉલે કહ્યું કે, "યોહાને પશ્ચાતાપનું બાપ્તિસ્મા કર્યું ખરું, અને લોકોને કહ્યું કે, મારી પાછળ જે આવે છે તેના પર એટલે ઇસુ પર તમારે વિશ્વાસ કરવો".**

તેથી પ્રથમ આપણો પશ્ચાતાપ એ છે કે આપણાં મન અને હેતુઓનું પરીવર્તન થાય. આપણને એ સમજણ પડવી જોઈએ કે આપણાં માર્ગો અંધકારમય છે. પાપના માર્ગે ચાલવું, જગતના રસ્તે ચાલવું, અંધકારના કાર્યો, કે જે કઈ આપણે અનુસરી રહ્યાં છીએ તે આપણને જીવનમાં લઈ જતાં નથી. આપણાં માર્ગો વિષે આપણાં મનનું બદલાણ જરૂરી છે. ત્યારે જ આપણે ઇસુ

ખ્રિસ્તમાં વિશ્વાસ કરવાનું પસંદ કરીએ, અને તારણની મફત ભેટ જે તે આપણને આપે છે તે મેળવીએ, અને તેના પ્રકાશનાં વૈભવી રાજયમાં પ્રવેશ પામીએ. હવે આપણે આપણી વિચારસરણીને ઇસુ ખ્રિસ્ત અને તેમનાં રાજ્યની સમાંતર ગોઠવી શકીએ. આપણે પસ્તાવો કરીએ અને વિશ્વાસ કરીએ.

## પસ્તાવો કરો, વિશ્વાસ કરો અને બાપ્તિસ્મા પામો

**માર્ક 16:15-16**
**15 તેણે તેઓને કહ્યું કે, આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો.**
**16 જે કોઈ વિશ્વાસ કરે તથા બાપ્તિસ્મા લે, તે તારણ પામશે; પણ જે વિશ્વાસ નહીં કરે, તે અપરાધી ઠરશે.**

**પ્રેરિતોના કૃત્યો 2:38,41**
**38 ત્યારે પિતરે તેઓને [કહ્યું કે,] "પસ્તાવો કરો, અને ઇસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય; અને તમને પવિત્ર આત્માનું દાન મળશે."**
**41 ત્યારે જેઓએ તેની વાત સ્વીકારી તેઓ બાપ્તિસ્મા પામ્યાં. અને તે જ દિવસે ત્રણેક હજાર માણસ ઉમેરાયાં.**

**એકવાર આપણે ઇસુ ખ્રિસ્તની સુવાર્તા સાંભળી, પસ્તાવો કર્યો, અને ઇસુ ખ્રિસ્ત પાસ વિશ્વાસ કર્યો એટલે આપણે બાપ્તિસ્મા લેવા માટે તૈયાર છીએ. પસ્તાવો કરવો અને પ્રભુ ઇસુ ખ્રિસ્ત તરફથી મળતી પાપોની માફી તથા તારણ ઉપર વિશ્વાસ કરવો તે પાણીથી તથા બાપ્તિસ્મા માટેની પૂર્વ શરત છે.**

જ્યારે આપણે પસ્તાવો કરીને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે આપણે પાપ અને તેના દુસ્પરિણામોથી બચી જઈએ છીએ. અનંતકાળીક રીતે ઈશ્વરથી છૂટા પડીને નરકમાં રહેવાને બદલે, અનંતકાળીક નિંદાથી બચી જઈને, તારણ પ્રાપ્ત કરીને, તેના રાજયના ભાગ બનીને, આપણે ઈશ્વરના બાળકો બની રહીએ છીએ. ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસ દ્વારા તેની કૃપા થકી આપણે તારણ પ્રાપ્ત કરી છીએ (એફેસી 2:8) અનંતકાળીક જીવન એ દેવ તરફથી મળેલી ભેટ છે નહીં કે આપણાં કોઈ કર્મો દ્વારા કમાયેલી વસ્તુ (રોમન 6:23). જ્યારે આપણે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીએ છીએ આપણે બચી જઈએ છીએ (પ્રેરતોના કૃત્યો 16:31; રોમન 10:13).

પાણીથી બાપતિસમા એ એવું કઈક છે જે આપણાં તારણના અનુભવને અનુસરે છે. તે તો પસ્તાવો અને ઇસુ ખ્રિસ્ત પરના વિશ્વાસને કારણે પ્રાપ્ત થયેલ તારણની અભિવ્યક્તિ છે.

# પ્રતિબિંબ

1. "પસ્તાવો" એટલે શું?
2. બાપ્તિસ્મા શબ્દનો અર્થ શું છે?
3. કોઈ વ્યક્તિ પાણીથી બાપ્તિસ્મા પ્રાપ્ત કરે તે પહેલા, તે વ્યક્તિના જીવનમાં શું બનવું જોઈએ?
4. પાણીથી બાપ્તિસ્મા પ્રાપ્ત કરવાની પૂર્વ શરતો તમે પરિપૂર્ણ કરી છે?

# 2. ન્યાયીપણાની પરિપૂર્ણતા

યોહાન બાપ્તિસ્મા કરનારે પસ્તાવના બાપ્તિસ્મા અંગેની પોતાની સેવાની જાહેરાત કર્યા પછી, એ નોંધવું ખૂબ જ રસપ્રદ છે કે પ્રભુ ઇસુ ખ્રિસ્ત, જેઓ દેવ છે પણ મનુષ્ય બન્યા હતા, જાતે યોહાન બાપ્તિસ્મા કરનારની પાસે આવે છે અને પાણીમાં બાપ્તિસ્મા ગ્રહણ કરે છે. પ્રભુ ઇસુએ કોઈ પાપ નહોતું કર્યું કે જે અંગે તેમણે પસ્તાવો કરવો પડે. તેઓ તો પાપરહિત અને પૂર્ણ રીતે પવિત્ર હતા, અને દરેક ક્ષણ પિતાની અધીનતામાં જીવતા હતાં. તેઓ એકમાત્ર, દેવનું હલવાન હતાં કે જે સમગ્ર જગતનું પાપ હરણ કરવાને આવ્યા હતા. તેમ છત્તા, શા માટે તેમણે પાણીનું બાપ્તિસ્મા લેવું પડ્યું?

અત્રે આપણે શાસ્ત્રમાં બે કારણો જોઈએ છીએ કે શા માટે ઇસુએ પાણીથી બાપ્તિસ્મા લેવું પડ્યું.

## આ એક છે

**યોહાન 1:29-34**
**29 બીજે દહાડે યોહાન ઇસુને પોતાની પાસે આવતો જોઈને કહે છે કે, જુઓ, દેવનું હલવાન કે, જે જગતનું પાપ હરણ કરે છે!**
**30 જેનાં વિષે મેં કહ્યું કે, મારી પાછળ એવો એક પુરૂષ આવે છે કે જે મારી આગળ થયો છે; કેમ કે તે મારી અગાઉ હતો, તે એ જ છે.**
**31 મેં તેને ઓળખ્યો ન હતો; પણ ઇસ્રાઇલની આગળ તે પ્રગટ થાય, એ માટે હું પાણીથી બાપ્તિસ્મા કરતો આવ્યો છું.**
**32 યોહાને શાહેદી આપી કે, આત્માને કબૂતરની પેઠે આકાશથી ઊતરતો મે દીઠો; તે તેના પર રહ્યો.**
**33 મેં તેને ઓળખ્યો ન હતો; પણ જેણે મને પાણીથી બાપ્તિસ્મા કરવાને મોકલ્યો, તેણે જ મને કહ્યું કે, જેના પર તું આત્માને ઊતરતો તથા રહેતો જોશે, તે જ પવિત્ર આત્માથી બાપ્તિસ્મા કરનાર છે.**
**34 મેં જોયું છે, અને શાહેદી આપી છે કે એ જ દેવનો દીકરો છે.**

યોહાન બાપ્તિસ્મા કરનાર મસીહા, જગતના તારનાર તરફ ઈશારો કરતાં હતા. દેવે યોહાનને પાણીથી બાપ્તિસ્મા કરવા અંગે સૂચના આપી હતી તે માત્ર પસ્તાવાની નિશાની પૂરતું ન હતું

પણ તે દ્વારા દેવના હલવાનને ઇસ્રાએલ સમક્ષ અને જગત સમક્ષ જાહેર કરવામાં આવે તે માટે પણ હતું. વધુમાં ઇસુનું યોહાન પાસે આવવું અને પાણીથી બાપ્તિસ્મા લેવું તે એ માટે હતું કે ઇસુ ઉપર આત્મા ઉતરી આવે અને તેની સાથે રહે. યોહાન માટે તે નિશાની હતી કે "તે એ જ છે" તેથી આ પ્રથમ કર્ણ હતું કે ઇસુનું પાણીથી બાપ્તિસ્મા થાય. દેવ પિતાએ યોહાનને નિશાની આપી હતી કે જેથી યોહાન ઇસુને દેવના દીકરા તરીકે રજૂ કરી શકે અને જાહેર કરી શકે.

## આ યોહાનના દ્રષ્ટિકોણથી હતું

અત્રે એ નોંધવું પણ રસપ્રદ છે કે ઇસુનું બાપ્તિસ્મા નિમજ્જનથી થયું. ઇસુનું બાપ્તિસ્મા યર્દન નદીમાં થયું અને અહી સ્પષ્ટ છે ઇસુ પાણીમાં નિમજ થયા કે ડૂબકી મારી. માથ્થીની સુવાર્તા એ જોઈ શકાય છે કે: "અને ઇસુ બાપ્તિસ્મા પામીને તરત પાણીમાથી નીકળી આવ્યો; અને જુઓ, તેણે સારૂ આકાશ ઉઘડાયું, ણે દેવના આત્માને કબૂતરની પેઠે ઊતરતો ણે પોતા પર આવતો તેણે દીઠો" (માથ્થી 3:16).

## બધાં ન્યાયીપણા પરિપૂર્ણ કરવા

ઈસુના દ્રષ્ટિકોણથી બાબતોને જોવી રસપ્રદ છે. ઇસુ શા માટે બાપ્તિસ્મા પામવા યોહાન બાપ્તિસ્મા કરનારની પાસે જાય છે? ઇસુ પૂર્ણ રીતે જાણતા હતા કે યોહાન પસ્તાવાનું બાપ્તિસ્મા પ્રગટ કરે છે, અને ઇસુએ પોતે એવું કઈ જ નથી કર્યું કે પસ્તાવો કરવો પડે તેમ છત્તા કઈ બાબત ઇસુને આમ કરવા પ્રેરે છે?

એવું શું થયું કે ઇસુ યર્દન નદીમાં યોહાન બાપ્તિસ્મા કરનારની પાસે જાય છે તે આપણે અહી જોઈએ.

માથ્થી 3:13-17
13 ત્યારે ઇસુ યોહાનથી બાપ્તિસ્મા પામવા સારૂં ગાલીલથી યર્દન [નદીએ] તેની પાસે આવ્યો.
14 પણ યોહાને તેણે વારતાં કહ્યું કે, તારાથી મારે બાપ્તિસ્મા પામવું જોઈએ, ને તું મારી પાસે આવે છે?
15 પણ ઇસુએ તેને ઉત્તર દીધો કે, હમણાં એમ થવા દે: કેમ કે સર્વ ન્યાયીપણું એમ પૂરૂં કરવું આપણને ઘટારત છે. ત્યારે તેણે તેને બાપ્તિસ્મા પામવા દીધું.
16 અને ઇસુ બાપ્તિસ્મા પામીને તરત પાણીમાંથી નીકળી આવ્યો; અને જુઓ, તેને સારૂ આકાશ ઉઘડાયું, ને દેવના આત્માને કબૂતરની પેઠે ઊતરતો ને પોતા પર આવતો તેણે દીઠો.

**17 અને જુઓ, એવી આકાશવાણી થઈ કે, આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું.**

ઇસુ જ્યારે પાણીથી બાપ્તિસ્મા પામવા સારું યોહાન બાપ્તિસ્મા કરનારની પાસે આવે છે ત્યારે તેને અજુગતો અનુભવ થતો હોય તેવું લાગ્યું. ઇસુને યોહાનની તરફ આવતો જોઈને, અચાનક જ એવો આભાસ થયો કે "તે એ જ છે." આ અસાધારણ હતું. યોહાને હજી સુધી પવિત્ર આત્માને કબૂતરની માફક ઊતરતો જોયો ન હતો. આકાશમાંથી કોઈ વાણી પણ સંભળાઈ ન હતી. અને છતાં પણ યોહાન જાણી જાય છે કે આ બીજું કોઈ નહીં પણ ઇસુ જ બાપ્તિસ્મા પામવા સારું આવતા હતાં. એ દેવનું હલવાન હતાં, તે એ જ હતા જે યોહાનની સમગ્ર સેવાનું કારણ હતાં. યોહાન જાણતો હતો કે તે એ જ હતાં.

જેથી યોહાન ઇસુને બાપ્તિસ્મા આપવા અનિચ્છા દર્શાવે છે. પણ ઇસુ યોહાન બાપ્તિસ્મા કરનારને વિનંતી કરે છે તેને બાપ્તિસ્મા આપે, કે જેથી તેઓ "બધાં ન્યાયીપણા પરિપૂર્ણ" કરે, એ બધુ જ કરે જે પિતાની દ્રષ્ટિમાં ન્યાયી હતું, એ બધું જ કરે જે પિતા તે ક્ષણે કરવા માંગતા હતાં.

પાણીથી બાપ્તિસ્મા અંગે એવું કઈક હતું જે પાપના પશ્ચાતાપ કરતાં "મોટું" હતું. તે એવું કઈક હતું કે જેમાં દેવના પાપરહિત દીકરાએ, દેવના હલવાને પણ પ્રવેશ કરવાની ઇચ્છા દર્શાવી. પૃથ્વી પર દેવની ઇચ્છા પ્રકાશિત થાય તે માટેની અભિવ્યક્તિ હતી. જેઓ દેવના રાજ્યને પૃથ્વી પર પ્રકાશિત થવા દેવા માટે, દેવની ઇચ્છાને "હા" માં પ્રત્યુત્તર આપે છે, તેઓ તેમના "હા" ના પ્રત્યુત્તરની અભિવ્યક્તિ રૂપે પાણીથી બાપ્તિસ્માના સંસ્કારમાં પ્રવેશે છે.

ઇસુની જેમ, જ્યારે તમે પાણીથી બાપ્તિસ્મા પામો છો ત્યારે તમે બધાં જ ન્યાયીપણાને પરિપૂર્ણ કરો છો. દેવની દ્રષ્ટિમાં જે યોગ્ય છે તે તમે કરો છો. તમે ઈશ્વરની ઇચ્છાને માન આપો છો. તમારા જીવનમાં ઈશ્વરની ઇચ્છાને "હા"માં પ્રત્યુત્તર આપો છો અને તમારા દ્વારા દેવનું રાજ્ય પૃથ્વી પર પ્રકાશિત થવા દો છો.

દેવ તેમની ઇચ્છાની આધીનતાનો બદલો જરૂર આપે છે. પાણીથી બાપ્તિસ્મા પામીને તમારી આધીનતા તમને દેવનો બદલો પ્રાપ્ત કરવાની ક્ષમતા આપશે. જેઓ ખંતથી દેવને શોધે છે તેઓને માટે બદલો આપનાર દેવ છે (હિબ્રૂ 11:6).

## દેવની ઇચ્છાને નકારવી

જ્યારે યોહાન બાપ્તિસ્મા કરનાર પસ્તાવાના બાપ્તિસ્માનો સંદેશ લઈને આવ્યો, ત્યારે સામાન્ય લોકોએ તેના સંદેશનો ખૂબ જ આનંદથી સ્વીકાર કર્યો. અલબત, ધાર્મિક આગેવાનોએ, પ્રમુખ યાજકોએ, ફરોશીઓએ, શાસ્ત્રીઓએ, અને કાયદાશાસ્ત્રીઓએ યોહાન બાપ્તિસ્મા કરનારના સંદેશનો અસ્વીકાર કર્યો.

તેથી, જ્યારે ઇસુએ ધાર્મિક આગેવાનોને યોહાનનાં બાપ્તિસ્મા અંગે પ્રશ્ન પૂછ્યો ત્યારે તેઓએ જવાબ આપવાની ના પાડી, અને માત્ર કહ્યું, “અમને ખબર નથી.”

**માર્ક 11:30-33બ**
**31 યોહાનનું બાપ્તિસ્મા આકાશથી હતું કે માણસોથી? મને જવાબ દો.**
**31 અને તેઓએ માંહોમાંહે વિચાર કરીને કહ્યું કે, જો કહી કે, આકાશથી; તો તે કહેશે કે, ત્યારે તમે તેના પર વિશ્વાસ કેમ ન કર્યો?**
**32 પણ જો કહીએ કે, માણસથી-તો તેઓ લોકથી બીધા, કેમ કે બધા લોક નિશ્ચે યોહાનને પ્રબોધક માનતા હતાં.**
**33બ અને તેઓ ઉત્તર આપીને ઇસુને કહે છે કે, અમે જાણતા નથી.....**

પણ યોહાનનો સંદેશ, જે પસ્તાવો કરવા માટેનું તેડું અને પસ્તાવાની નિશાની રૂપે બાપ્તિસ્મા પામવાનું આહવાન હતું, તે સ્વીકારવા માટેનો તેમનો નકાર તે સ્પષ્ટપણે ઈશ્વરની ઇચ્છાનો નકાર હતો.

**લૂક 7:29-30**
**29 એ સાંભળીને સર્વ લોક તથા દાણીઓ જેઓ યોહાનનાં બાપતિસમાથી બાપ્તિસ્મા પામ્યા હતા, તેઓએ દેવ યથાર્થ છે, એમ કબૂલ કર્યું.**
**30 પણ ફરોશીઓ તથા પંડિતો તેનાથી બાપ્તિસ્મા પામ્યા નહોતા, માટે તેઓને વાસ્તે દેવનો જે ઇરાદો હતો તેને તેઓએ નિરર્થક કર્યો.**

આજે, જો આપણે પસ્તાવો કરીએ, ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરીએ અને બાપ્તિસ્મા પ્રાપ્ત કરીએ તો આપણે દેવની ઇચ્છા પૂરી કરીએ છીએ. આપણાં જીવનો પાટે આપણે ઈશ્વરની ઇચ્છાને સ્વીકારીએ છીએ. આપણે બધાં જ ન્યાયીપણને પૂર્ણ કરીએ છીએ, એ બધું જ કરીએ છીએ જે દેવની દ્રષ્ટિમાં ન્યાયી છે. આપણે દેવની ઇચ્છાને આપણાં જીવનમાં પૂરી થવા “હા” કહીએ છીએ. આપણાં દ્વારા દેવના રાજ્યને પૃથ્વી પર પ્રસારિત થવા દેવા માટે આપણે “હા” કહી

છીએ.

## પ્રતિબિંબ

1. **ઇસુ શા માટે યોહાન બાપ્તિસ્મા કરનાર પાસે જ બાપ્તિસ્મા પ્રાપ્ત કરવા માટે જાય છે?**
2. **આ પ્રકરણમાં તમે જે શીખ્યા છો તે મુજબ, જ્યારે તમારૂ પાણીથી બાપ્તિસ્મા થાય છે ત્યારે તમે શું પ્રસિદ્ધ કરો છો?**

# ૩. તેના શિષ્ય હોવાની સાક્ષી

## શિષ્ય બનવા માટે આમંત્રણ

પૃથ્વી પરની ઇસુની સેવા દરમ્યાન, લોકોના મોટા ટોળાં ઇસુને સાંભળવા અને સાજાપણું પ્રાપ્ત કરવા તથા તેઓની જરૂરિયાતોના સંદર્ભમાં ચમત્કારો પ્રાપ્ત કરવા માટે તેમની પાસે આવતા. પ્રભુ ઇસુએ લોકોને માત્ર તેમના સંદેશ સાંભળવા અને ચમત્કારો અંગે પડકાર આપ્યો એટલું જ નહીં પણ તેમણે લોકોને તેમના શિષ્ય બનવાની પસંદગી કરવા માટે તેડું આપ્યું. તેમણે લોકોને એ શીખવ્યું કે તેમના શિષ્ય બનવું એટલે શું અને તેની કિંમત શું છે. પ્રભુ ઈસુના શિષ્ય બનવું એટલું બધુ સરળ ન હતું, પણ તે માટેનું આમંત્રણ બધાં માટે ખુલ્લુ હતું. કોઈ પણ વ્યક્તિ તેમના શિષ્ય બનવાનું પસંદ કરી શકતી હતી.

ઇસુએ તેમના શિષ્ય બનવાના અર્થ સબંધી કેટલીક બાબતો કહી હતી જે અહી છે:

1. બધાં જ શિષ્યોનો હેતુ તેમના ગુરૂ અને માલિક, ઇસુ ખ્રિસ્ત જેવા બનવાનો હતો (માથ્થી 10:25).
2. જેમ તેમના માલિકને થયું તે મુજબ શિષ્યોએ ઉપહાસ, ખોટા આરોપો, અને સતામણીનો સામનો કરવાની તૈયારી રાખવી પડે (માથ્થી 10:25).
3. શિષ્યો તેમના ગુરૂ કરતાં મહાન કે મોટા ન હતા (માથ્થી 10:24) જેનો અર્થ એ થયો કે શિષ્યોએ એ જ માર્ગમાં ચાલવું જે માર્ગમાં તેમના ગુરૂ ચાલ્યાં. શિષ્યો પાસે કોઈ અન્ય વિકલ્પો નથી.
4. જ્યારે શિષ્યો પૂર્ણ રીતે અને સર્વગ્રાહી રીતે તાલીમબદ્ધ થાય ત્યારે તેઓ તેમના ગુરૂ સમાન બની શકે (લૂક 6:40).
5. શિષ્યો તેમનાં ગુરુના વચનો પર વિશ્વાસ કરે અને તે પ્રમાણે જીવન જીવે (યોહાન 8:31)
6. પોતાના માલિક માટેનો શિષ્યોનો પ્રેમ જગતના અન્ય સબંધો પ્રતિના પ્રેમની ઉપરવટ હોવો જોઈએ (લૂક 14:26)

7. શિષ્યોએ પોતાનો વધસ્તંભ દરરોજ ઊંચકીને ચાલવું પડે (લૂક 14:27). વધસ્તંભ એ દુ:ખ, જુદાઇ અને બલિદાનને રજૂ કરે છે.
8. શિષ્યોએ પોતાનાં માલિકને માટે બીજું બધું જ ત્યજી દેવું પડે (લૂક 14:33). એનો અર્થ એ થયો કે શિષ્યોનો પોતાના માલિક પરત્વેનો પ્રેમ જગતના બીજા કોઈ સબંધો કે લગાવથી મોટો હોય.
9. આપણાં જીવનો દ્વારા વ્યક્ત થતો પ્રેમ જોઈને બીજાઓ જાણી શકે કે આપણે ઈસુના શિષ્યો છીએ (યોહાન 13:35).
10. શિષ્યો એવા ઘણાં બધાં ફળો ઉપજાવે કે તેમના જીવનો દ્વારા પિતા મહિમાવાન થાય (યોહાન 15:8).
11. જેમ ઇસુએ કર્યું તે પ્રમાણે શિષ્યો સાજાપણાંનાં, ચમત્કારોનાં અને છૂટકારાનાં મહાન કર્યો કરે (માથ્થી 10:1; યોહાન 14:12).

## શિષ્યો માટે પાણીથી બાપ્તિસ્મા

પૃથ્વી પરની તેમની સેવા દરમ્યાન, ઈસુના શિષ્યોએ લોકોને બાપ્તિસ્મા આપ્યું કે જેઓએ ઇસુ ખ્રિસ્તની સેવાનો અને સંદેશનો સ્વીકાર કર્યો ઇસુની પાછળ ચાલવા તૈયાર હતાં. લોકો માટે આ નિર્ણય સહેલો ન હતો કારણ કે ધાર્મિક આગેવાનો બધું જોતાં હતા અને તેઓ ઇસુની સેવા અને શિક્ષણ પ્રતિ ગુસ્સે હતાં. તેમ છતાં, લોકો ઇસુની પાસે આવ્યાં અને શિષ્યોએ તેઓને પાણીનું બાપ્તિસ્મા આપ્યું.

**યોહાન 3:22**
**એ પછી ઇસુ પોતાના શિષ્યો સુદ્ધાં યહૂદીયા દેશમાં આવ્યો; ત્યાં તેઓની સાથે રહીને તે [લોકોને] બાપ્તિસ્મા આપતો હતો.**

**યોહાન 4:1-3**
**1 હવે ફરોશીઓના સાંભળવામાં આવ્યું કે યોહાન કરતાં ઇસુ ઘણાને શિષ્ય કરીને તેઓને બાપ્તિસ્મા આપે છે.**
**2 (ઇસુ પોતે તો નહીં પણ તેના શિષ્યો બાપ્તિસ્મા આપતા હતા), એ પ્રભુએ જાણ્યું,**
**3 સમરૂનમાં થઈને તેને જવું પડ્યું.**

તેથી, ઈસુના 12 પ્રેરીતો (શિષ્યો) બાપ્તિસ્માનાં સંસ્કાર સબંધી પૂરી રીતે માહિતગાર હતાં અને જે લોકો ઇસુનો સંદેશ ગ્રહણ કરીને તેના શિષ્ય બનવાનું પસંદ કરતાં હતાં તેઓને બાપ્તિસ્મા આપતા હતાં. અહી એ પણ મનમાં રાખીએ કે પાણીનું આ બાપ્તિસ્મા નિમજ્જન

દ્વારા હતું કે જે યોહાન બાપ્તિસ્મા કરનાર આપતો હતો અને ઇસુ તથા તેમના શિષ્યોએ પણ યોહાન દ્વારા એ જ બાપ્તિસ્મા લીધું હતું.

## પાણીનું બાપ્તિસ્મા અને મહાન આદેશ

ઈસુના પુનરુત્થાન પછી, તેમના સ્વર્ગારોહણ પહેલા, પ્રભુ ઇસુએ જે કહ્યું તેને આપણે "મહાન આદેશ" તરીકે માનીએ છીએ.

**માથ્થી 28:19-20**
**19 એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ;**
**20 મેં તમને જે જે આજ્ઞા કરી તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ; અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું. આમેન.**

જે મહાન સેવા આપવામાં આવી છે તે પ્રભુનો આદેશ છે કે જઈને સર્વ દેશનાઓને શિષ્ય બનાવવા. ગ્રીક શબ્દ '***matheteuo***' પરથી ભાષાંતર થયેલ "શિષ્ય બનાવવા" શબ્દનો અર્થ થાય છે કે "વિધ્યાર્થી બનવું", "શિખાઉ", "જે તેને શીખવવામાં આવ્યું છે તેને અનુસરે છે", જે શીખવા માંગે છે, બોધપાઠ લેવા માંગે છે, જાણવા માંગે છે, અને ગુરૂનાં શિક્ષણમાં તાલિમબદ્ધ થઈને ગુરૂ સમાન બનવું. તે સૂચવે છે કે વિચારો સાથે પ્રયત્નો પણ હોવા જોઈએ. જેમ આપણે અગાઉ જોયું તેમ, શિષ્ય એ છે કે જેણે ઇસુ જેવા બનવાનું પસંદ કર્યું છે અને પ્રભુ ઇસુએ જે આદેશ ફરમાવ્યા છે તેનું પાલન કરે છે.

શિષ્ય બનાવવાના આદેશમાં એ આદેશ પણ સામેલ છે કે (જેઓ શિષ્ય બનવાનું પસંદ કરે છે) તેઓને પાણીનું બાપ્તિસ્મા આપવું. આપણે તેઓને બાપ, દીકરા અને પવિત્ર આત્માને નામે બાપ્તિસ્મા આપવું અને એમ કરીને બાઈબલના દેવની સાથે તેઓને સામેલ કરવા.

તેથી જ પાણીનું બાપ્તિસ્મા એ દરેક માટે સાક્ષી છે, કે તમે ઇસુ ખ્રિસ્તના શિષ્ય બનવાનું પસંદ કર્યું છે. તમે નક્કી કર્યું છે કે વિશ્વાસની આ યાત્રામાં આગળ વધતાં, શીખવું, શીખવવું અને તાલીમબદ્ધ થવું કે જેથી અમે વધુ ને વધુ તેની સમાન બની શકો. તમે એ પણ નિર્ણય લીધો છે કે આ નિર્ણયમાં આગળ વધતાં ભલે નિંદા થાય, સતામણી થાય, દુ:ખ વેઠવું પડે, બલિદાન આપવું પડે કે ગમે તે થાય. તમે નિશ્ચય કર્યો છે કે તમે ઇસુ ખ્રિસ્તના શિષ્ય તરીકે

તમે તેને અનુસરશો અને પાછા હઠવાનો હવે કોઈ પ્રશ્ન જ નથી.

## શિષ્યોએ શિષ્યોનું બાપ્તિસ્મા કર્યું

એક બાજુની નોંધ તરીકે આપણે ધ્યાનમાં રાખી કે કોઈ વ્યક્તિ એકવાર ઇસુ ખ્રિસ્તનો શિષ્ય બનવાનું નક્કી કરીને પાણીનું બાપ્તિસ્મા પામે, તે વ્યક્તિ બીજાઓ સમક્ષ ઇસુ ખ્રિસ્ત વિષે વાત કરી શકે છે, શિષ્યો બનાવી શકે છે, અને તેઓને પાણીનું બાપ્તિસ્મા આપી શકે છે. શિષ્યો નવા લોકો કે જેઓ શિષ્યો બનવાનું પસંદ કરે છે તેઓને બાપ્તિસ્મા આપી શકે છે. દાખલા તરીકે, ફિલિપ યરૂશાલેમની મંડળીમાં સેવક તરીકે કામ કરતો હતો. તે સમરીઆ ગયો અને ઇસુ વિષે સુવાર્તા પ્રગટ કરી તથા સમરીઆમાં નવા વિશ્વાસીઓને બાપતિસમા આપ્યાં (પ્રેરીતોનાં કૃત્યો 8:12). ફિલિપે એક હબસી ખોજાને પણ બાપ્તિસ્મા આપ્યું કે જે ઈથિયોપિયા દેશની રાણીનો ખજાનચી હતો(પ્રેરિતોના કૃત્યો 8:37-38).

દમસ્કસમાં અનાન્યા નામે એક શિષ્ય હતો જેણે શઊલને બાપ્તિસ્મા આપ્યું, જે પછીથી પ્રેરિત પાઉલ બન્યો (પ્રેરિતોના કૃત્યો 9:10,18)

## પ્રતિબિંબ

1. આ પ્રકરણમાં જે 11 વિધાનો લખવામાં આવ્યા છે તેનો અભ્યાસ કરો કે ઇસુ ખ્રિસ્તના શિષ્ય બનવું એટલે શું? વિચાર કરો કે આ વિધાનોનો તમારા વ્યક્તિગત જીવનમાં શું અર્થ છે?
2. તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીને શિષ્ય તરીકે તેની પાછળ ચાલવા અંગે વ્યક્તિગત પસંદગી કરો છો?

# 4. ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસની સાક્ષી

પ્રભુ ઇસુનું સ્વર્ગારોહણ થયા પછી, પ્રેરીતોના કૃત્યોના પુસ્તકના ૨જા અધ્યાયમાં નોંધવામાં આવ્યું છે તે મુજબ પચાસમાનાં દિવસે 120 શિષ્યોએ પવિત્ર આત્માનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું. તેઓએ ઇસુ ખ્રિસ્તના સુવાર્તાના સંદેશને, યરૂશાલેમથી લઈને બીજા શહેરો સુધી લોકો સમક્ષ પ્રચાર કરવાનું શરૂ કર્યું.

## ઇસુ ખ્રિસ્તની સુવાર્તા

જગતના પાપ અને પરિણામોના તારણહાર બનવા માટે ઇસુ આ જગતમાં આવ્યા તે ઇસુ ખ્રિસ્તની સુવાર્તાનો સંદેશ છે. આપણાં પાપોની શિક્ષા પોતાના ઉપર લઈને ઇસુ ખ્રિસ્ત આપણાં માટે મરણ પામ્યા. તેમણે પાપ, શેતાન, માંદગીના સામર્થ્યને તોડી નાખ્યાં, અંધકારની સત્તાથી આપણને મુક્ત કર્યા અને તારણની મફત ભેટ આપણને આપી. તેઓ વધસ્તંભ પર મરણ પામ્યાં, દટાયા, ત્રીજે દિવસે પુનરુત્થાન પામ્યાં, અને સ્વર્ગમાં ચઢી ગયા અગાઉ, 500 જેટલાં સાક્ષીઓ સમક્ષ પોતે જીવિત છે તે બતાવ્યું. પસ્તાવો કરીને ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરવાથી કોઈ પણ વ્યક્તિ તારણની મફત ભેટ મેળવી શકે છે. જ્યારે આપણે ઇસુને આપણાં તારનાર તરીકે સ્વીકારીએ છીએ ત્યારે આપણે નવો જન્મ પ્રાપ્ત કરીએ છીએ, દેવના બાળકો બનીએ છીએ, અંધકારમાથી બહાર નીકળીને તેના મહિમાવંત રાજયમાં આવીએ છીએ, અને બીજું ઘણું બધું મેળવીએ છીએ. આ સુવાર્તા છે! કોઈ ધર્મ આપણાં માટે આવું કરી શકી નહીં. આપણે પોતાની ધર્મનિષ્ઠા વડે, સારા કર્મો વડે કે ધાર્મિક રીતિરિવાજો દ્વારા આ ભેટ મેળવી શકતા નથી. આ તો મફત મળતી ભેટ છે કે જે આપણે માત્ર વિશ્વાસ થકી જ મેળવી શકીએ છીએ.

## જો તમે ઇસુ પર વિશ્વાસ કરો છો, તો આવો અને બાપ્તિસ્મા પામો

પ્રેરિતોના કૃતયોના પુસ્તકમાં આપણાં માટે નોંધવામાં આવ્યું છે જે આપણે જોઈએ છીએ તે મુજબ ઇસુની સુવાર્તા પ્રગટ કરવામાં આવી, ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવા માટે લોકોને

આમંત્રણ આપવામાં આવ્યું. અને ત્યાર પછી જેઓએ ઇસુ પર વિશ્વાસ કર્યો તેઓને ઇસુ ખ્રિસ્ત પરના તેમના વિશ્વાસ દ્વારા પાણીનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરીને પ્રબોધ કરવા (જાહેરમાં કબૂલાત કરવા કે સાક્ષી આપવા) માટે આમંત્રણ આપવામાં આવ્યું.

લોકોએ પાણીનું બાપ્તિસ્મા લીધું તે અંગેના પ્રેરિતોના કૃત્યોનાં પુસ્તકમાં નોંધવામાં આવેલ કેટલાક દાખલાઓ અહી છે.

1. પચાસમાનાં દિવસે વિશ્વાસીઓ  (પ્રેરિતોના કૃત્યો 2:38-41)
2. સમરીઆ શહેરમાં વિશ્વાસીઓ (પ્રેરિતોના કૃત્યો 8:12-13)
3. શાઊલ (પછીથી જે પાઉલ કહેવાયો) (પ્રેરિતોના કૃત્યો 9:17-18; પ્રેરિતોના કૃત્યો 22:16)
4. કર્નેલિયસના ઘરના સભ્યો (પ્રેરિતોના કૃત્યો 10:47-48)
5. ફિલિપિમાનાં વિશ્વાસીઓ (પ્રેરિતોના કૃત્યો 16:14-15,31-34)
6. કરીન્થમાનાં વિશ્વાસીઓ (પ્રેરિતોના કૃત્યો 18:7-8)
7. એફેસીમાનાં વિશ્વાસીઓ (પ્રેરિતોના કૃત્યો 19:1-5)

## જાહેર કબૂલાત

શરૂઆતની મંડળીમાં આમાનાં ઘણાઓ માટે પાણીનું બાપ્તિસ્મા પામવું તે કોઈ સહેલો નિર્ણય નહતો. ઇસુ ખ્રિસ્તમાં તેમના વિશ્વાસને કારણે ઘણાઓની સતાવણી કરવામાં આવી. પણ તેઓ એ જાણતા હતાં કે તેઓ કોના પર વિશ્વાસ કરે છે તેથી તેઓએ હીમતભેર સામનો કર્યો.

પ્રભુ ઇસુએ ખાતરી આપી છે કે જો આપણે પૃથ્વી પર લોકોની સમક્ષ તેમને કબૂલ કરીએ છીએ તો તેઓ દેવ બાપ સમક્ષ આપણને કબૂલ અથવા સ્વીકાર કરશે કે આપણે તેમના છીએ!

**માથ્થી 10:32-33**
**32 માટે માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ કબૂલ કરીશ.**
**33 પણ માણસોની આગળ જે કોઈ મારો નકાર કરશે, તેનો ણકાર હું પણ મારાં આકાશમાંના બાપની આગળ કરીશ.**

પાણીનું બાપ્તિસ્મા એ તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરો છો અને તમારા જીવનમાં તેમને પ્રભુ અને તારનાર તરીકે સ્વીકારો છો તેની જાહેર કબૂલાત છે. લોકો સમક્ષ તમે સ્વીકારો છો,

સાક્ષી આપો છો અને જાહેરાત કરો છો કે તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરો છો કે તે તમને પાપની માફી આપે છે અને તમને તારણની મફત ભેટ તેમના થકી મળી છે.

## પ્રભુ ઇસુનાં નામમાં બાપ્તિસ્મા પામો

એક બાજુની નોંધ તરીકે, પ્રેરિતોના કૃત્યોનાં પુસ્તકમાં આપણાં માટે જે નોંધવામાં આવ્યું છે તે નિર્દેશ કરે કે લોકો પ્રભુ ઇસુને નામે બાપ્તિસ્મા લેતા હતાં.

તે પૈકી કેટલાક સંદર્ભ અહી આપેલ છે:

**પ્રેરિતોના કૃત્યો 2:38**
**ત્યારે પિતરે તેઓને [કહ્યું કે,] પસ્તાવો કરો, અને ઇસુ ખ્રિસ્તને નામે તમારામાનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય; અને તમને પવિત્ર આત્માનું દાન મળશે.**

**પ્રેરિતોના કૃત્યો 8:16**
**કેમ કે ત્યાર સુધી તેઓમાના કોઈના ઉપર તે ઊતર્યો નહતો; પણ તેઓ માત્ર પ્રભુ ઇસુને નામે બાપ્તિસ્મા પામ્યાં હતા.**

**પ્રેરિતોના કૃત્યો 10:48**
**તેણે ઇસુ ખ્રિસ્તને નામે તેઓને બાપ્તિસ્મા આપવાની આજ્ઞા આપી. પછી તેઓએ કેટલાએક દિવસ [ત્યાં] રહેવાની તેને વિનંતી કરી.**

**પ્રેરિતોના કૃત્યો 19:5**
**એ સાંભળીને તેઓએ પ્રભુ ઇસુને નામે બાપ્તિસ્મા લીધું.**

જ્યારે તમે પ્રભુ ઇસુને નામે બાપ્તિસ્મા પામો છો, એનો મતલબ કે તમે તમારી જાતને તેમની સાથે ઓળખાવો છો. તમે જાહેરમાં ઇસુ સાથે ઓળખાવો છો. આનું આધ્યાત્મિક મહત્વ પણ છે જે આપણે હવે પછીના પ્રકરણમાં જોઈશું.

"ઇસુનાં નામે" શબ્દનો ઉપયોગ એ સૂચવે છે કે કોના અધિકારથી અને કોના પ્રતિનિધિ તરીકે આપણે આમ કરીએ છીએ. તેથી, જ્યારે કોઈ "ઇસુનાં નામે" બાપ્તિસ્મા આપે છે તેનો અર્થ એ થયો કે જે મહાન આદેશ (અગાઉના પ્રકાર મુજબ) થકી ઇસુ ખ્રિસ્તે આપણને અધિકાર આપ્યો છે તેથી આપણે નવા શિષ્યને પાણીથી બાપ્તિસ્મા આપીએ છીએ. આપણે ઇસુનાં નામે, ઇસુને બદલે, ઇસુનાં પ્રતિનિધિ તરીકે, સંપૂર્ણ અધિકારથી, તેના સામર્થ્યથી કરીએ છીએ.

તેથી, જ્યારે આપણે લોકોને બાપ્તિસ્મા આપતી વખતે કહીએ છીએ: "ઇસુનાં નામમાં, બાપ, પુત્ર અને પવિત્ર આત્માના નામે, હું તમને બાપ્તિસ્મા આપું છું." એનો મતલબ ઇસુ ખ્રિસ્ત દ્વારા આપણને આપવામાં આવેલ અધિકારથી આપણે એ કરીએ છીએ, અને આપણે તે વ્યક્તિને બાપ્તિસ્મા આપીએ છીએ કે જે ઇસુ ખ્રિસ્ત મારફતે બાઈબલના દેવની સાથે પોતાની ઓળખાણ કરાવે છે.

## પ્રતિબિંબ

1. શું તમે ઇસુ ખ્રિસ્તની સુવાર્તા(સુસમાચાર)ને સમજ્યા છો અને તેના પર સંપૂર્ણ રીતે વિશ્વાસ કરો છો?
2. શું તમે જાહેરમાં ઇસુ ખ્રિસ્તને તમારા પ્રભુ અને તારનાર તરીકે સ્વીકારો છો?

## 5. ઇસુ સાથે ઓળખની ઘોષણા

પ્રભુ ઇસુએ બે પ્રકારનાં રિવાજો મંડળી મધ્યે મુક્યા છે: પાણીનું બાપ્તિસ્મા અને પ્રભુ ભોજન. ઇસુ ખ્રિસ્તે પોતાના મરણ અને પુનરુત્થાન વડે આપણામાં જે કાર્ય સિદ્ધ કર્યું છે તેની ઘોષણા કરવા માટે બંને રિવાજો સક્ષમ છે. પ્રભુની દોરવણી પ્રમાણે, પ્રેરિત પાઉલે ૧ લા કોરોન્થીનાં 11:26માં લખ્યું છે, "કેમ કે જેટલીવાર તમે આ રોટલી ખાઓ છો, અને આ પ્યાલો પીઓ છો, તેટલી વાર તમે પ્રભુના આવતાં સુધી તેનું મરણ પ્રગટ કરો છો". તેથી જેટલી વાર આપણે પ્રભુની મેજના ભાગીદાર થઈએ છીએ, તેટલી વાર આપણે ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર પૂર્ણ કરેલ કાર્ય અને ખૂબ જલ્દીથી થનાર પુનરાગમનનાં આપણાં વિશ્વાસની જાહેરાત કરીએ છીએ, કબૂલાત કરીએ છીએ અને ઘોષણા કરીએ છીએ.

તે જ રીતે પાણીનું બાપ્તિસ્મા એ ઇસુ સાથેની આપણી ઓળખની ઘોષણા છે. આપણે દ્રશ્ય અને અદ્રશ્ય જગત સમક્ષ જાહેરાત કરીએ છીએ અને ઘોષણા કરીએ છીએ કે વધસ્તંભ પરના મરણથી ઇસુ ખ્રિસ્તે આપણાં જીવનમાં કેવું કાર્ય કર્યું છે. તે આપણાં જીવનની આત્મિક વાસ્તવિક્તા છે. તે આપણાં જીવનમાં થઈ ચૂક્યું છે. **પાણીનું બાપ્તિસ્મા આપણા જીવનમાં અગાઉથી આત્મામાં જે થઈ ચૂક્યું છે તેની સાંકેતિક અભિવ્યક્તિ અને શક્તિશાળી ઘોષણા છે.**

પ્રેરિત પાઉલ જે કહે છે તે અહી પ્રસ્તુત છે:

**રોમન 6:3-4**
**3 શું તમે નથી જાણતા કે આપણે જેઓ ખ્રિસ્ત ઇસુમાં બાપ્તિસ્મા પામ્યા, તેઓ સર્વ તેના મરણમાં બાપ્તિસ્મા પામ્યા?**
**4 તે માટે આપણે બાપ્તિસ્મા દ્વારા તેની સાથે મરણમાં દટાયા કે, જેમ ખ્રિસ્તને બાપના મહિમાથી મૂએલામથી ઉઠાડવામાં આવ્યો તેમ જ આપણે પણ નવા જીવનમાં ચાલીએ.**

**કોલોસી 2:12**
**તેની સાથે તમે બાપતિસમામાં દટાયા, અને તેમાં પણ જે દેવે તેને મૂએલામાથી ઉઠાડ્યો, તેના સામર્થ્ય પરના વિશ્વાસથી તમને તેની સાથે ઉઠાડવામાં આવ્યા.**

જ્યારે આપણે નવો જન્મ પામ્યા દેવ આપણને ખ્રિસ્તમાં લાવ્યા (1 લો કરીન્થી 1:30). આપણે તેનામાં છીએ, આત્મિક રીતે તેનામાં એક છીએ (1 લો કરીન્થી 6:17). પવિત્ર આત્માએ આપણને ખ્રિસ્તમાં મૂક્યા છે (1 લો કરીન્થી 12:13). આત્મિક રીતે આપણે ખ્રિસ્તમાં જ છીએ. એટલું જ નહીં, કેમ કે આપણે તેનામાં "છીએ," તેના (વધસ્તંભના) મરણની સાથે, દફનની સાથે, પુનરુત્થાનની સાથે, સ્વર્ગારોહણની સાથે અને સિંહાસન પર બિરાજમાનની સાથે આપણે ઓળખાયાં. આને ઇસુ સાથેની ઓળખાણ કહેવાય.

**તેના (વધસ્તંભ પરના) મરણમાં ઓળખાયાં**: વ્યરે ખ્રિસ્ત મરણ પામ્યા, આપણે પણ તેમની સાથે મનારા પામ્યા. જૂનો પાપી સ્વભાવ, "જૂનું માણસપણું" તેની સાથે ક્રુસે જડી દેવાયું (રોમન 6:6). આપણામાં હવે પેલો જૂનો પાપી સ્વભાવ રહ્યો નથી. આપણે હવે દિવ્ય સ્વભાવના ભાગીદાર છીએ (2 જો પિતર 1:4). આપણાં જીવનોમાંથી પાપના સામર્થ્યને તોડી નાંખવામાં આવ્યું છે અને હવે આપણે લગીરેય પાપના ગુલામ નથી (રોમન 6:14).

**તેનાં દટાવામાં ઓળખાયાં**: જ્યારે ખ્રિસ્તને દાટવામાં આવ્યાં, ત્યારે આપણે પણ તેની સાથે દટાયા. મતલબ કે આપણે જૂના જીવનથી અલગ થઈ ગયા. જૂનું જતું રહ્યું છે. નવું આવી ગયું છે. આપણે એક નવી ઉત્પતિ છીએ અને જૂનાને આપણામાં કે આપણાં જીવનમાં કોઈ લાગભાગ નથી (2 જો કરીન્થી 5:17).

**તેનાં પુનરુત્થાનમાં ઓળખાયાં**: જ્યારે ખ્રિસ્તનું પુનરુત્થાન થયું, ત્યારે આપણને પણ તેમની સાથે ઉઠાડવામાં આવ્યાં (એફેસી 2:5). મતલબ કે આપણને મરણમાથી જીવનમાં, શેતાનના અધિકારમાથી દેવના સામર્થ્યમાં લાવવામાં આવ્યાં (કોલોસી 1:13). આપણે હવે દેવના રાજયમાં નવા જીવનમાં ચાલીયે છીએ. અંધકારની સત્તાઓનો હવે આપણાં પર કોઈ કાબૂ નથી.

**તેની સાથેનાં સ્વર્ગારોહણમાં ઓળખાયાં**: જ્યારે ખ્રિસ્તનું સ્વર્ગારોહણ થયું, ત્યારે તેમની સાથે આપણે પણ સ્વર્ગમાં ચઢી ગયા (એફેસી 2:6; કોલોસી 3:1-3). તેથી જ આપણે ઉપરની બાબતો પર લક્ષ આપીએ છીએ. પણે નવીન મનથી જીવીએ છીએ જ્યાં આપણે સ્વર્ગીય પરિપેક્ષ્યથી જીવનને જોઈએ છીએ. દેવમાં ખ્રિસ્તથી આપનું જીવન સંતાડવામાં આવેલું છે.

**તેની સાથે રાજ્યાસન પર ઓળખાયાં**: જ્યારે ખ્રિસ્ત પિતાને જમણે હાથે તેમના રાજ્યાસન

બિરાજમાન થયાં, ત્યારે આપણને પણ તેમની સાથે બેસાડવામાં આવ્યાં (એફેસી 2:6). શેતાન અને તેનાં સર્વ શેતાની યજમાનોને પગની એડી તળે છૂંદતા, આપણે ઇસુ ખ્રિસ્તમાં સત્તા અને આધિપત્યવાળા રાજ્યાસન પર બિરાજમાન છીએ.

પાણીનું બાપ્તિસ્મા આ બધા માટે સાંકેતિક અભિવ્યક્તિ છે. જ્યારે તમે પાણીમાં ગરકાવ (નિમજ્જન કરો છો કે ડૂબકી મારો છો) થાવ છો, તે ઇસુ ખ્રિસ્ત સાથે તમારા વધસ્તંભ પરના મરણ અને દટાવાની સાંકેતિક નિશાની છે. જ્યારે તમે પાણીમાથી બહાર નીકળી આવો છો, તે ઇસુ ખ્રિસ્તની સાથેના પુનરુત્થાન, સ્વર્ગારોહણ અને રાજ્યાસન પર બેસવાની સાંકેતિક નિશાની છે.

**જ્યારે તમે પાણીનું બાપ્તિસ્મા પામો છો, ત્યારે તમે દ્રશ્ય અને અદ્રશ્ય જગત સમક્ષ ઘોષણા કરો છો કે તમે આત્મિક રીતે ઇસુ ખ્રિસ્ત સાથે તેના મરણમા, દટાવામાં, પુનરુત્થાનમાં, સ્વર્ગારોહણમાં અને રાજ્યાસન પર બેસવામાં ઓળખાયેલા છો. આ માત્ર સાંકેતિક પ્રવૃતિ છે અને ખૂબ જ સામર્થ્યશાળી છે. પાણીના બાપ્તિસ્માની એ ક્ષણે, પવિત્ર આત્માના બળે વધસ્તંભના એ મહાન પરાક્રમને તમારામાં વહેતું થાય તેવી અપેક્ષા તમે રાખી શકો છો.** જૂના જીવનની કોઈ બાબત (પાપ, વ્યસન, શરમ, આઘાત વગેરે) તમને કટાક્ષ કરે કે અટકાવતાં ધમકી આપે, તો તેઓની સમક્ષ હીમતભેર એલાન કરો કે તે દુષ્ટ કાર્યોની સત્તાને તોડી પાડવામાં આવી છે. તમારા જૂના જીવનની કોઈપણ કે બધી દુષ્ટ બાબતો પાણીના બાપ્તિસ્મા થકી ભાંગીને ભૂક્કો થઈ જાય તેવી અપેક્ષા રાખો.

પેરિત પાઉલ જણાવે છે કે તે માટે આપણે “ખ્રિસ્તને પહેરી લીધા છે.”

ગલાતી 3:27
**કેમ કે તમારામાનાં જેટલા ખ્રિસ્તમાં બાપ્તિસ્મા પામ્યાં તેટલાએ ખ્રિસ્તને પહેરી લીધો.**

આપણે ઇસુ સાથે એટલા બધા એકીકૃત થઈ જઈએ છીએ, કે લોકો જ્યારે આપણને જુએ, ત્યારે તેઓ ઇસુને જોવા જોઈએ. જાણે કે આપણે તેમનો પોશાક ધારણ કર્યો હોય. પ્રતિદિન પવિત્ર આત્મા આપણને તેમની પ્રતિમામાં રૂપાંતરિત કરે છે, કે જેથી ક્રમિક રીતે, લોકો આપણામાં ખ્રિસ્તને જુએ, કેમ કે આપણે ખ્રિસ્તને પહેરી લીધાં છે.

# પ્રતિબિંબ

1. આત્મિક રીતે તમે ઇસુ ખ્રિસ્તની સાથે નીચેની પાંચ બાબતોમાં ઓળખાયા છો:

(અ) તેના વધસ્તંભ પરના મરણમાં
(બ) તેના દટાવામાં
(ક) તેના પુનરુત્થાનમાં
(ડ) તેના સ્વર્ગારોહણમાં
(ઇ) તેના રાજ્યાસન પર બેસવામાં

આ પ્રકરણમાં જે જણાવવામાં આવ્યું છે તેને આધારે, ઉપરની આ પાંચ બાબતો વ્યક્તિગત તમારા માટે કઈ રીતે મહત્વની છે તે અંગે પ્રતિબિંબ પાડો.

# 6. સારા અંત:કરણનો પ્રતિસાદ

પ્રેરિત પિતર નૂહના વહાણ અંગે દર્શાવે છે કે જેમાં પૂરના પાણીથી આઠ લોકોને બચાવી લેવામાં આવે છે. પછી તે પાણીના બાપ્તિસ્માને આ ઘટનાના સંકેત તરીકે બતાવે છે. જેમ કે આપણે પણ ઇસુ ખ્રિસ્ત કે જે મૂએલામાથી ઉઠ્યા અને સ્વર્ગમાં ઉચ્ચ સ્થાન પર બિરાજમાન છે તેમના પર વિશ્વાસ કરીને તારણનો અનુભવ કર્યો છે.

**1 લો પિતર 3:20-22**
**20 પ્રાચીન સમયમાં, એટલે નૂહનાં સમયમાં, જ્યારે વહાણ તૈયાર હતું, અને દેવ સહન કરીને ધીરજ રાખતો હતો, અને જ્યારે વહાણમાં થોડાં, આઠ જણ પાણીથી બચી ગયાં, ત્યારે તેઓ અનાજ્ઞાંકિત હતા.**
**21 એ દ્રષ્ટાંત પ્રમાણે બાપ્તિસ્માનું પાણી, જે શરીરનો મેલ દૂર કરવાથી નહીં, પણ ઈશ્વર પ્રત્યે શુદ્ધ હ્રદયની માંગણીથી ઇસુ ખ્રિસ્તના પુનરુત્થાન વડે હમણાં તમને પણ તારે છે.**
**22 દૂતો, અધિકારીઓએ તથા પરાક્રમીઓને પોતાને સ્વાધીન કર્યા પછી તે તો આકાશમાં ગયો છે, અને દેવની જમણી તરફ [બેઠેલો] છે.**

જેમ પિતર પાણીના બાપ્તિસ્મા વિષે વર્ણન કરે છે, તે નોંધે છે કે પાણીનું બાપ્તિસ્માનું પાણી બાહ્ય સફાઈ માટે નથી કે જે ચામડી પરની ગંદકીને દૂર કરે છે, પણ હકીકતે આપનું અંત:કરણ શુદ્ધ (સાફ) થાય છે અને ઈશ્વર પ્રતિ સારું બને છે. અલબત્ત આ કેવળ પ્રભુ ઇસુ ખ્રિસ્તના મરણ અને પુનરુત્થાન પરના વિશ્વાસને કારણે જ બન્યું છે.

જ્યારે આપણે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો, તેના રક્તે આપણને શુદ્ધ કર્યા અને આપણાં પાપોને ધોઈ નાંખે છે. ખ્રિસ્તમાં, આપણને દેવના ન્યાયી બનાવવામાં આવ્યા છે. આપણે તેની દ્રષ્ટિમાં શુદ્ધ થયા છીએ, તેમની હજૂરમાં સ્વીકારાયાં છીએ અને દેવના પ્રીતિપાત્ર બન્યા છીએ. દેવ પ્રતિ આપણું અંત:કરણ સારું અને શુદ્ધ છે. આપણામાં દોષ, શરમ, આરોપ કે નિંદાની કોઈ ભાવના નથી કે જે ઈશ્વર સાથેના આપણાં સબંધમાં કોઈપણ રીતે અડચણ લાવી શકે. ઈશ્વર સાથેના સબંધમાં માત્ર ઇસુ ખ્રિસ્ત જ આપણને લાવી શકે છે. **હવે તમારું પાણીથી બાપ્તિસ્મા થયું છે કારણ કે ઇસુ ખ્રિસ્ત મારફતે તમારું અંત:કરણ શુદ્ધ અને પવિત્ર થયું છે. પાણીનું બાપ્તિસ્મા એ ઈશ્વર પ્રતિ શુદ્ધ અંત:કરણનો પ્રતિસાદ કે ઉત્તર છે.**

આપણે દૈનિક જીવનમાં ઈશ્વરની અધીનતા અને ખ્રિસ્તના આપણાં જીવનમાં પૂર્ણ થયેલા સારા કામ પ્રત્યે વિશ્વાસ રાખીને દેવ પ્રતિ આપણાં શુદ્ધ અંત:કરણને જાળવી રાખીએ.

**1 લો યોહાન 3:20-22**
**20 કેમ કે આપણાં અંત:કરણ કરતાં દેવ મોટો છે, અને તે સઘળું જાણે છે.**
**21 વહાલાઓ, જો આપણું અંત:કરણ આપણને દોષિત ન ઠરાવે, તો દેવ પ્રત્યે આપણને હિંમત છે;**
**22 અને જે કઈ આપણે માંગીએ છીએ, તે તેની પાસેથી આપણને મળે છે, કેમ કે આપણે તેની આજ્ઞાઓ પાલીએ છીએ, અને તેની નજરમાં જે પસંદ પડે છે તે કરીએ છીએ.**

જ્યારે આપણું અંત:કરણ શુદ્ધ છે, ત્યારે આપણે પોતાની જાતને દોષિત ઠેરવતા નથી, અને આપણે દેવની સમક્ષ આત્મવિશ્વાસુ છીએ. જો આપણું હ્રદય આપણને દોષિત ઠેરવે છે, એટલે કે, આપણું અંત:કરણ શુદ્ધ નથી, તો આપણાં અંતર આત્મામાં કોઈક "આરોપ" આપણને સતાવે છે. ઈશ્વર બધું જ જાણે છે, તેથી આપણે માત્ર 1લા યોહાન 1:9માં જણાવ્યા પ્રમાણે કબૂલ કરવાનું છે, સ્વીકારવાનું છે અને જાણે અજાણે થયેલા પાપોની તેના લોહી થકી શુધ્ધતા માંગવાની છે. ત્યારે જ આપણે ઈશ્વર સમક્ષ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા શુદ્ધ, પવિત્ર અને સારા અંત:કરણ સાથે ચાલી શકીશું. દેવની અધીનતામાં, દેવની નજરમાં જે પસંદ પડે તેવાં કામો કરતાં તેની સાથે ચાલીશુ. દેવ સમક્ષ આપણે શુદ્ધ અંત:કરણ જાળવી રાખીએ.

## પ્રતિબિંબ

1. આ પ્રકરણમાં ચર્ચા કર્યા પ્રમાણે, ઈશ્વર સમક્ષ "શુદ્ધ અંત:કરણ" રાખવું એટલે શું?
2. તમારા દૈનિક જીવાનોમાં, પાણીનું બાપ્તિસ્મા લીધા પછી પણ દેવ સમક્ષ શુદ્ધ અંત:કરણ કેવી રીતે જાળવી રાખો છો?

# 7. કેટલાક સામાન્ય પ્રશ્નોનાં ઉત્તરો

આ પ્રકરણમાં, કેટલાક સામાન્ય પ્રશ્નોનાં ઉત્તરો તરીકે ટૂંકા વિધાનો આપવામાં આવ્યા છે. આ ઉત્તરોનો ધર્મશાસ્ત્ર અને શાસ્ત્રોક્ત આધાર અગાઉના પ્રકારણોમાં આપી જ દેવામાં આવ્યો છે. અને તેથી તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું નથી.

### 1. બાપ્તિસ્મા પ્રાપ્ત કરવા માટે કઈ ઉંમર યોગ્ય કહેવાય?

વ્યક્તિએ કઈ ઉંમરે બાપ્તિસ્મા લેવું જોઈએ તે અંગેનો શાસ્ત્રોમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. તેથી આપણે શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે બાપ્તિસ્માની પૂર્વ શરતો જેવી કે, વ્યક્તિએ બાપ્તિસ્મા પામવા પાટે પસ્તાવો કરેલો હોવો જોઈએ અને પ્રભુ ઇસુ ખ્રિસ્તને પોતાના તારનાર અને દેવ તરીકે સ્વીકાર કર્યો હોવો જોઈએ, તેને જ વળગી રહેવું જોઈએ. આ બાબત કોઈ નાનું બાળક કરી શકે નહીં, અને તેથી નાનાં બાળકના બાપ્તિસ્મા અંગે શાસ્ત્રોમાં ઉલ્લેખ નથી. અલબત્ત, વ્યક્તિ એવી કોઈ પણ ઉંમરે પાણીનું બાપ્તિસ્મા લેવા માટે તૈયાર થઈ શકે કે જ્યારે તે ઉંમરે તે વ્યક્તિ ઇસુ ખ્રિસ્તના સુવાર્તાના સંદેશને સમજી શકે અને વ્યક્તિગત રીતે પસ્તાવો કરીને ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરી શકે.

### 2. જ્યારે કોઈ વિશ્વાસી પાણીનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરે ત્યારે તારણ પ્રાપ્ત કરવા માટે કોઈ પ્રતિક્ષા સમયગાળો હોય છે?

કોઈ પ્રતિક્ષા સમયગાળાની જરૂરિયાત નથી. પ્રેરિતોના કૃત્યોના પુસ્તકમાં નોંધવામાં આવેલ બધાં જ બનાવોમાં, જ્યારે લોકોએ પસ્તાવો અને ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરવાનું વચન આપ્યું કે તરત જ તેમણે પાણીનું બાપ્તિસ્મા આપવામાં આવ્યું. અલબત્ત, લોકો પાણીના બાપ્તિસ્માનો અર્થ સમજી શકે અને પોતાની મુક્ત ઇચ્છાથી પાણીનું બાપ્તિસ્મા લેવાની તૈયારી બતાવે તે હેતુથી, સમય લેવો જોઈએ કે જેથી તેઓને પાણીના બાપ્તિસ્માનો અર્થ સમજાવી શકાય અને તેઓને સમય આપી શકાય કે જેથી તેઓ કોઈ પણ પ્રકારના બાહ્ય દબાણ કે લાલચ વિના

પોતાની જાતે નિર્ણય લઈ શકે.

3. આપણે કયા પ્રકારનું "બાપ્તિસ્મા સૂત્ર" ઉપયોગમાં લઈએ છીએ?

પ્રભુ ઇસુએ આપણને આપેલ મહાન આદેશને આધારે અને પ્રેરિતોના કૃત્યોના પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે જેમ કરવામાં આવતું હતું, તેમ આપણે કરીએ છીએ: "ઈસુના નામમાં, હું તમને બાપ, પુત્ર અને પવિત્ર આત્માને નામે બાપ્તિસ્મા આપું છું".

4. બીજા વિશ્વાસીને બાપ્તિસ્મા આપવા માટે કોણ અધિકૃત છે?

કોઈ પણ શિષ્ય જેનું પાણીથી બાપ્તિસ્મા થયેલ છે તે બીજા વિશ્વાસીનું કે જેણે ઇસુ ખ્રિસ્તને અનુસરવાનું નક્કી કર્યું છે તેનું પાણીથી બાપ્તિસ્મા કરી શકે છે.

5. મારે બીજીવાર પાણીથી બાપ્તિસ્મા લેવાની જરૂર છે?

નાના બાળક પર પાણીના છાંટા દ્વારા કરવામાં આવેલ બાપ્તિસ્મા એ નવા કરારના બાપ્તિસ્માની બાઈબલની પ્રણાલી મુજબ નથી તેથી તેને પાણીથી બાપ્તિસ્મા ગણવામાં આવતું નથી. તેથી જો કોઈનું નાના બાળક તરીકે છાંટાનું બાપ્તિસ્મા થયેલ છે તો તે વ્યક્તિએ ઇસુ ખ્રિસ્તનો વ્યક્તિગત રીતે તારનાર અને પ્રભુ તરીકે સ્વીકાર કરીને પાણીનું બાપ્તિસ્મા લેવાની જરૂર છે.

એવા પણ કેટલાક હશે કે તેઓના વાલીઓ કે મિત્રોના કહેવાથી અને રિવાજ પૂરો કરવાના હેતથી પાણીનું બાપ્તિસ્મા લીધું હશે, પણ વાસ્તવમાં ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા તારણનો અનુભવ પ્રાપ્ત કર્યો નથી. આ પ્રકારના કિસ્સામાં, અમે એવા લોકોને ઉત્તેજન આપીએ છીએ કે ઇસુ ખ્રિસ્ત પરના વિશ્વાસથી બીજીવાર બાપ્તિસ્મા લેવું જોઈએ.

કેટલાક કિસ્સામાં, લોકો તેમના વિશ્વાસથી અને દેવના માર્ગથી પાછા હઠી ગયા હોય અને તેમના હ્રદયમાં લાગણી થતી હોય કે પ્રભુ તરફ પાછા ફરવાની નિશાની રૂપે તેમણે ફરીથી બાપ્તિસ્મા લેવું જોઈએ. તો તેઓએ તેમની વ્યક્તિગત પસંદગી તરીકે તેમ કરવું જોઈએ.

6. તારણની પ્રાપ્તિ માટે પાણીનું બાપ્તિસ્મા જરૂરી છે કે તે તારણની અભિવ્યક્તિ છે?

ખ્રિસ્તમાં વિશ્વાસ કરવાથી કેવળ કૃપા થકી તારણ મળે છે. પાણીનું બાપ્તિસ્મા એ તારણ મળ્યાની એક અભિવ્યક્તિ છે. પૃથ્વી પરની તેમની સેવા દરમ્યાન ઇસુએ (તેના શિષ્યોએ) એવા ઘણાઓને તારણમાં દોરતાં બાપ્તિસ્મા આપ્યું કે જેમણે ઇસુને અનુસરવાનું પસંદ કર્યું, પ્રભુએ વધસ્તંભ પરના ચોરને પારાદેશનું વચન આપ્યું. વધસ્તંભ પરના ચોરની પાસે પાણીથી બાપ્તિસ્મા પામવા માટે કોઈ તક ન હતી. તે જ રીતે, એવા ઘણા બધાં હશે કે જેમણે તેઓની છેલ્લી ક્ષણોમાં ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો હશે અને તેમની પાસે બાપ્તિસ્મા લેવા માટે કોઈ તક નહીં હોય. ખ્રિસ્ત પરના વિશ્વાસથી તેઓ તારણ પામ્યાં. આપણે જેઓ તારણ પામ્યાં છીએ, પાણીનું બાપ્તિસ્મા એ આપણાં માટે અધીનતાની બાબત છે કે જેને આપણે શીઘ્રતાથી પરિપૂર્ણ કરીએ.

7. જેઓ મરણ પામ્યાં છે તેઓ માટે આપણે બાપ્તિસ્મા લઈ શકીએ?

કેટલાક ૧લો કરીન્થી ૧૫:૨૯ ના વચનને ટાંકતા પૂછે છે કે જેઓ મરણ પામ્યાં છે તેઓ માટે તેમના પ્રતિનિધિ તરીકે અન્ય કોઈ વ્યક્તિ બાપ્તિસ્મા લઈ શકે:

**1 લો કરીન્થી 15:29**
**જો એમ ન હોય તો જેઓ મૂએલાને સારૂ બાપ્તિસ્મા પામ્યાં, તેઓનું શું થશે? જો મૂએલાનું પુનરુત્થાન થતું જ નથી, તો તેઓને માટે લોકો શા સારું બાપ્તિસ્મા પામે છે?**

1 લા કરિન્થિના 15માં અધ્યાયમાં, પ્રેરિત પાઉલ એ સત્ય પ્રસ્થાપિત કરે છે કબરની પેલે પાર જીવન છે અને મૂએલાઓનું પુનરુત્થાન છે. આમ કરતાં પાઉલ એક વિધાન ટાંકે છે જેમાં પાઉલ "તેઓ" લખે છે (આપણે નહીં), કે જેઓ મૂએલાઓ માટે બાપ્તિસ્મા પામે છે. "તેઓ" એ એવા લોકો હતાં કે જેઓ ખ્રિસ્તી વિશ્વાસને માનતા ન હતા, પણ અંધવિશ્વાસમાં માનતા હતા અને બાપ્તિસ્મા જેવો કોઈ વિધિ મૂએલાઓ માટે કરતાં હતા. પાઉલ તેઓની આ વિધિ કે રિવાજને માન્ય રાખતો નથી પણ એ દર્શાવવા માંગે છે કે તેઓને પણ મરણ પછીના જીવનમાં વિશ્વાસ છે. નવા કરારમાં એવું કોઈ વચન નથી કે જ્યાં કોઈ પણ રીતે મૂએલાનું બાપ્તિસ્મા થયું હોય. તેથી ઉપરોક્ત પ્રશ્નનો સ્પષ્ટ અને મોટેથી એક જ ઉત્તર છે **"ના"!** મૂએલાને બદલે કે તેના પ્રતિનિધિ તરીકે અન્ય કોઈ વ્યક્તિ બાપ્તિસ્મા ગ્રહણ કરી શકે નહીં.

# ઓલ પીપલ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ ચર્ચ પોતાની સ્થાનિક મંડળીની સરહદો વટાવી સમગ્ર ભારતના ખ્રિસ્તી સમુદાયને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, સેવાઓ આપે છે. વિશેષ સેવાઓ જેવી કે, (૧) આગેવાની મજબૂત કરવી, (૨) યુવાનોને સેવા માટે સંપન્ન કરવા, અને (૩) ખ્રિસ્તના શરીર, મંડળીને બાંધવી. વર્ષ દરમ્યાન યુવાનો માટે તાલીમ શિબિરો અને ખ્રિસ્તી આગેવાનો માટે પરિષદોનું આયોજન કરવામાં આવે છે. વધારામાં, વિશ્વાસીઓને વચનમાં અને આત્મામાં મજબૂત કરવાનાં હેતુસર અસંખ્ય પ્રકાશનોનું અંગ્રેજીમાં અને ભારતની અન્ય ભાષાઓમાં મફત વિતરણ કરવામાં આવે છે.

અમે આપને અમારી સેવામાં સહભાગીદર થવા આમંત્રિત કરીએ છીએ. આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન સ્વરૂપે આપી શકો છો. આપના દ્વારા આપવામાં આવેલ નાનામાં નાના દાનની અમે કદર કરીએ છીએ જે અમારી ભારતભરની સેવાઓમાં મદદરૂપ બનશે.

આપ આપનો નાણાકીય સહયોગ વન ટાઈમ કે માસિક દાન ચેક કે બેન્ક ડ્રાફ્ટ “ઓલ પીપલ ચર્ચ, બેંગ્લોર” ના નામે અમારા કાર્યાલયના સરનામા પર મોકલી શકો છો. આપ આપનો નાણાકીય સહયોગ નીચે દર્શાવેલ બેન્કની વિગત પર સીધા અમારા ખાતામાં જમા પણ કરાવી શકો છો.

Account Name: All Peoples Church
Account Number: 0057213809
IFSC Code: CITI0000004
Bank: Citibank N.A., No. 5, M.G. Road, Bengaluru, Karnataka 560001

વિશેષ નોધ: ઓલ પીપલ ચર્ચ ફક્ત ભારતીય બૅંકના ખાતા દ્વારા નાણાં સ્વીકારી શકે છે. જ્યારે આપ દાન આપો છો ત્યારે, આપ દર્શાવી શકો છો કે તે દાન ઓલ પીપલ ચર્ચની સેવાઓ પૈકી કયા હેતુસર મોકલવામાં આવ્યુ છે. વધુ જાણકારી માટે કૃપા કરી અમારી વેબ સાઇટ apcwo.org/give ની મુલાકાત લેવા નમ્ર અરજ કરીએ છીએ.

વધુમાં, અમોને અને અમારી સેવાઓને તમારી પ્રાર્થના યાદ રાખશો. આભાર અને પ્રભુ તમને આશીર્વાદિત કરે!

## FREE PUBLICATIONS

A Church in Revival*
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks*
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change*
Code of Honor
Divine Favor*
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling*
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God*
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife*
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses-Don't Take Them
Open Heavens*
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith *
The Conquest of the Mind
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus *
The Night Seasons of Life
The Power of Commitment*
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power*
The Wonderful Benefits of speaking in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different*
Who We Are in Christ
Women in the Workplace
Work Its Original Design

ઉપર દર્શાવેલ અમારા પ્રકાશનો અમારી વેબ સાઇટ apcwo.org/books. પરથી વિનામુલ્યે ડાઉનલોડ થઈ શકે છે. ઘણા પ્રકાશનો અન્ય ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આપની જરૂરિયાત મુજબના પ્રકાશનો માટે કૃપા કરી bookrequest@apcwo.org પત્ર દ્વારા મંગાવી શકો છો.

*ફક્ત pdf ફોર્મેટ જ ઉપલબ્ધ

આપ અમારી વેબ સાઇટ apcwo.org/sermons. દ્વારા ઑડિયો/વિડીયો તથા ઉપદેશ નોંધ વગેરે મેળવી શકો છો.

# ઓલ પીપલ ચર્ચ વિષે

ઓલ પીપલ ચર્ચ (APC)નું દર્શન છે કે બંગલોર શહેરમાં મીઠું તથા પ્રકાશ અને ભારત અને વિશ્વના દેશો માટે અવાજ બનવું.

ઈશ્વરના વચનને કોઈપણ જાતના સમાધાન કર્યા સિવાય સંપૂર્ણ સ્વરૂપે પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને નિર્દિષ્ટ કરવા APC(ઓલ પીપલ ચર્ચ) સમર્પિત છે. અમે માનીએ છીએ કે સારું સંગીત, સર્જનાત્મક રજૂઆત, વિદ્વાન માફી, સમકાલીન સેવાકીય તકનીકી પધ્ધતિઓ, નવીનત્તમ તકનિક અને અન્ય દ્વારા ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારો અને પવિત્ર આત્માના કૃપાદાનો ક્યારેય પવિત્ર આત્માના સામર્થ્યમાં વચનને પોકારવાની ઈશ્વર દ્વારા સ્થાપિત પધ્ધતિને બદલી શકે નહીં. (૧ કોરીન્થી ૨:૪, ૫; હિબ્રુ ૨:૩,૪). અમારો મુદ્દો ઇસુ છે, અમારી સામગ્રી ઈશ્વરનું વચન છે, અમારી પધ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારું ઝનૂન નાશમાં જતાં લોકો છે, અમારો ધ્યેય ઇસુ સમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકસહિત ભારતમાં અન્ય ઘણા સ્થળોએ ઓલ પીપલ ચર્ચની શાખાઓ આવેલી છે. ઓલ પીપલ ચર્ચની સેવાઓ તથા સ્થળોની માહિતી માટે અમારી વેબ સાઇટ www.apcwo.org/locations સંપર્ક કરી શકો છો અથવા contact@apcwo.org પર પત્ર લખી શકો છો.

# તમે જાણો છો દેવ તમને પ્રેમ કરે છે?

૨૦00 વર્ષ પેલા આ જગતમાં પ્રભુ માણસ બનીને આવ્યા, તેઓ સંપૂર્ણ અને નિષ્કલંક જીવન(પાપરહિત) જીવ્યા ઇસુ શરીરમાં ઈશ્વર હોવાને કારણે, તેમણે જે કહયુ ને કર્યું તે દરેક આપણને પ્રગટ કર્યું છે. જે શબ્દો તે બોલ્યા તે દેવના ખરા શબ્દો હતા. જે કૃત્યો તેમણે કર્યા તે બતાવે છે કે ઈશ્વર કાર્યરત છે. ઇસુએ આ જગતમાં ઘણા ચમત્કારો કર્યા, તેમણે માંદાઓને સાજા કર્યા, અને દુ:ખીઓના દુ:ખ મટાડ્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓને સાંભળતા કર્યા. બોબડાઓને બોલતા કર્યા અને લંગડાઓને ચાલતા કર્યા. અનેક રોગીઓને તેઓના રોગોમાથી સાજા કરી છુટકારો આપ્યો.

**આ બધા જ પ્રકારના કાર્યો દ્વારા ઈશ્વર આપણને એ રીતે પ્રગટ થાય છે કે ઈશ્વર ભલા છે અને તેઓ આપણે સાજા, તાજા, તંદુરસ્ત અને આનદમય જોવા માંગે છે. દેવ લોકોની જરૂરિયાતો પૂરી પાડવા માંગે છે અને પૂરી પાડે છે.**

પ્રશ્ન એ ઉભો થાય છે કે ઈશ્વરે શા માટે માણસ બનીને પૃથ્વી પર આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આ જગતમાં આવ્યા?

જે ઈશ્વરે આપણને બનાવ્યા હતા તે જ ઈશ્વરની વિરુદ્ધમાં અને તેમને સ્વીકાર્ય ન હોય તેવા કાર્યો આપણ સર્વેએ કર્યા અને આપણે સઘળાએ પાપ કર્યા. પાપ તેનું એક કારણ બની ગયું. પાપ આપણી અને ઈશ્વરની વચ્ચે ઓળંગી ન શકાય તેવી દિવાલ બની ગયું. પાપ આપણને ઈશ્વરથી વિખૂટા પાડી દે છે. પાપ આપણને ઈશ્વરને કે જેણે આપણને સૃજયા છે તેમને ઓખળતા અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. તેથી આપણાંમાના ઘણા બધા અન્ય બાબતોથી ખાલી જગ્યા ભરવા માટે પ્રયત્ન કરીએ છીએ.

પાપનું બીજું એક પરિણામ છે કે તે આપણને અનંતકાળીક રીતે ઈશ્વરથી અલગ કરે છે. ઈશ્વરની અદાલતમા પાપનો દંડ માત્ર મૃત્યુ છે. મૃત્યુ આપણને સદાને માટે ઈશ્વરથી અલગ કરે છે નર્કમાં લઈ જાય છે.

પરંતુ સુસમાચાર એ છે આપણે પાપથી છૂટકારો પામીને ઈશ્વર સાથે પુન:સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે, “પાપનો મુસારો મરણ છે, પણ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તને આશરે દેવનું કૃપાદાન અનંતજીવન છે.” (રોમન ૬:૨૩) ઇસુ જ્યારે વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર માનવજાતના પાપોને માટે કિંમત ચૂકવી. ત્યારબાદ, તેઓ ત્રણ દિવસ પછી પાછા ઉઠ્યા, ઘણા બધાને બતાવ્યુ કે તેઓ જિવંત છે અને સ્વર્ગમાં પાછા જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને કરુણાના ઈશ્વર છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈ વ્યક્તિ નાશ પામે અને નરકમાં જાય. જેથી કરીને તેઓ પૃથ્વી પર આવ્યા, અને સમગ્ર માનવજાતને માટે પાપથી અને તેના પરિણામોથી છૂટકારાનો માર્ગ પૂરો પાડ્યો. તેઓ પાપીઓને, મારા અને તમારા જેવા અનેકોને, પાપથી છોડાવવા અને અનંતકાળીક નાશથી

બચાવવા આવ્યા.

પાપની મફત માફી મેળવવા માટે, બાઇબલ કહે છે તે મુજબ આપણે માત્ર એક જ બાબત કરવાની છે-ઇસુ ખ્રિસ્તે વધસ્તંભ પર જે મરણ સહન કર્યું તે સ્વીકારીએ અને પૂર્ણ હૃદયે તેના પર વિશ્વાસ કરીએ.

**....જે કોઈ તેના નામ પર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે" (પ્રે.કૃ. ૧૦:૪૩)**

**"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેણે મુએલામાથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ, તો તું તારણ પામીશ" (રોમન ૧૦:૯)**

જો તમે ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખો તો, તમે પણ માફી મેળવીને તમારા પાપોથી શુધ્ધ થઈ શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવામાં અને તેઓએ વધસ્તંભ પર તમારા માટે જે કર્યું તે અંગેનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને તમારા વિશ્વાસને પ્રમાણિત કરવા મદદરૂપ થશે કે ઇસુએ તમારા માટે વધસ્તંભ પર પાપથી છોડાવવા અને શુધ્ધ કરવા કેવું અદભૂત કાર્ય કર્યું છે. પ્રાર્થના માત્ર તમને માર્ગદર્શન માટે જ છે. તમે તમારા પોતાના શબ્દો અને ભાવના વાપરીને પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, આજે, મને સમજાયું છે કે તમે મારા માટે વધસ્તંભ પર કેવું અદભૂત કાર્ય કર્યું છે. મારા માટે મૃત્યુ પામ્યા, તમારુ મૂલ્યવાન રક્ત વહેવડાવ્યું અને મારા પાપોને  માટે કિંમત ચૂકવી કે જેથી મને માફી મળે. બાઇબલ મને જણાવે છે કે જે કોઈ તમારા પર વિશ્વાસ કરે છે તેઓ તેમના પાપોથી મુક્તિ મેળવે છે.*

*આજે, હું નિર્ણય કરું છુ કે હું તમને પ્રભુ તરીકે  સ્વિકારુ છુ અને તમે મારા માટે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા અને મરણમાંથી સજીવન થયા એવો વિશ્વાસ કરું છુ. હું જાણું છુ કે હું મારા સારા કાર્યોથી મારો બચાવ કરી શકતો નથી કે અન્ય કોઈ વ્યક્તિ મને બચાવી શકે એમ નથી. હું મારા પાપોની માફી માટે અન્ય કોઈ ઉપાય કરી શકતો નથી.*

*આજે, હું મારા હૃદયમાં વિશ્વાસ કરું છુ અને મારા મોંઢાથી કબુલ કરું છુ કે તમે મારા માટે મૃત્યુ પામ્યા, તમે મારા પાપોની માફીને માટે કિંમત ચૂકવી, તમે મારા માટે મૃત્યુમાથી સજીવન થયા, અને તમારા પરના મારા વિશ્વાસે કરીને મને પાપોની માફી અને શુધ્ધતા મળી છે.*

*ઇસુ પ્રભુ તમારો આભાર, તમને પ્રેમ કરવામાં, તમને વધુ ઓળખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવામાં મને મદદરૂપ થજો. આમેન.*


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play




*A daily 5-minute video devotional.*
*A daily Bible reading and prayer guide.*
*5-minute Sermon summary.*
*Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.*
*Resources with sermons, sermon notes, TV programs, books, music and more.*

*IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!*

# ઓલ પીપલ્સ ચર્ચ
# બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર

ઓલ પીપલ્સ ચર્ચ બાઈબલ કોલેજ અને મિનિસ્ટ્રી ટ્રેનિંગ સેંટર (APC-BC), દ્વારા ભારતના બેંગલોર શહેર ખાતે, આત્માથી ભરપૂર, અભિષિક્ત, હાથવગી તાલીમ, પવિત્ર આત્માની અલૌકિક શક્તિની સાથે સાથે સૈધ્ધાંકિત નિપૂણતા અને વૈચારિક ઉત્તેજના વડે સેવાને સમૃધ્ધ કરવા ઈશ્વરના વચનોનો અભ્યાસ પૂરો પાડવામાં આવે છે. અમે માનીએ છીએ કે વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે ઈશ્વરના ગુણો તાદ્રશ્ય કરે તેવા, વચનમાં ઊંડે સુધી મૂળ નાંખેલા, ચિન્હો, આશ્ચર્યો, ચમત્કારોને  શક્તિશાળી રીતે પ્રદર્શિત કરે – આ બધી જ બાબતો ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં વહેતી થાય.

APC-BC ખાતે, નિપૂણ શિક્ષણની સાથે સાથે, અમે એ બાબત પર ખાસ ભાર મૂકીએ છીએ કે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવામાં આવે, પવિત્ર આત્માની હાજરી અને ઈશ્વરના સર્વશક્તિમાન કાર્યો અભિષિક્ત થાય. અસંખ્ય યુવા ભાઈઓ અને બહેનોને તાલીમ આપીને મોકલવામાં આવ્યા છે કે જેથી તેઓ તેમના જીવનમાં ઈશ્વરીય એડાને પુર્ણ કરી શકે.

અમે ત્રણ પ્રકારના કાર્યક્રમો ચલાવીએ છીએ:
ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં એક વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ (C.Th)
ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં બે વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ  (Dip.Th)
ઈશ્વરવિદ્યા અને ખ્રિસ્તી સેવામાં ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ  (B.Th)

**સોમવાર થી શુક્રવાર ૯:00 થી ૧:00** દરમ્યાન દરરોજ વર્ગો ચલાવવામાં આવે છે. બહારથી અભ્યાસ કરતાં, કાર્યરત વ્યવસાયીઓ અને ગૃહસ્થો પણ તેઓના કામ પૂરા કર્યા બાદ ૧:૦૦ વાગ્યા પછી વર્ગોમાં હાજરી આઓઈ શકે છે અને અભ્યાસ ચાલુ રાખી શકે છે. જેઓ રહેવાસી વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવા માંગે છે તેવા પુરુષો અને બહેનો માટે અલગ અલગ છાત્રાલયોની વ્યવસ્થા છે. સપ્તાહના ચાલુ દિવસો દરમ્યાન, ૨:૦૦ થી ૫:૦૦ દરમ્યાન વિદ્યાર્થીઓ ફિલ્ડ વર્ક, વિશેષ શિબિરોમાં, બપોર પછીના પ્રાર્થના અને સ્તુતિના કાર્યક્રમોમાં ભાગ લે છે. જેઓ બહારથી અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓએ માટે બપોર પછીના સેશન વૈકલ્પિક રાખવામા આવ્યા છે. શનિવાર અને રવિવારની સ્થાનિક મંડળીઓમાં સેવા આપવા માટે ઉતેજન આપવામાં આવે છે.

કોલેજ, અભ્યાસક્રમ, યોગ્યતા, અભ્યાસનો ખર્ચ વિગેરે માહિતી માટે અને **અરજી કરવા** માટે કૃપા કરી apcbiblecollege.org ની મુલાકાત લેશો.

APC-BC is accredited by the Nations Association for Theological Accreditation (NATA).

ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસી વ્યક્તિ તરીકેની આપણી યાત્રામાં પાણીથી બાપ્તિસ્મા લેવું એ ખૂબ જ અગત્યનો અનુભવ છે. આપણ દરેક જેઓએ ઇસુ પર વિશ્વાસ કરવાનો અને તેને અનુસરવાનો નિર્ણય કર્યો છે તેઓ કોઈક સમયે આ અગત્યનું પગલું ચોક્કસ લઈશું. જેઓ ઇસુને અનુસરવાનું પસંદ કરે છે તેઓને ઇસુએ આદેશ આપ્યો છે કે પાણીથી બાપ્તિસ્મા લેવું. તેથી આ આદેશનું પાલન થવું જોઈએ. અહી દેવના વચનો આધારિત આ અભ્યાસ પુસ્તિકા પાણીથી બાપ્તિસ્મા અંગેનો અર્થ અને તેનું મહત્વ સમજવા તમને મદદ કરશે કે જેઓ પાણીથી બાપ્તિસ્મા પામવા માટે તૈયારી કરી રહ્યાં છે.

પાણીથી બાપ્તિસ્મા સબંધી ૬ અગત્યના સત્યો આપણે જોવાના છીએ:

1. પસ્તાવાની નિશાની,
2. ન્યાયપણાની પરિપૂર્ણતા,
3. તેના શિષ્ય હોવાની સાક્ષી,
4. ઇસુ ખ્રિસ્તમાં વિશ્વાસની સાક્ષી,
5. ઇસુ સાથેની ઓળખની ઘોષણા,
6. સારા અંત:કરણનો પ્રતીસાદ.

પાણીથી બાપ્તિસ્મા અંગે લોકો દ્વારા પૂછાતાં કેટલાક સામાન્ય સવાલોના ઉત્તર પણ અત્રે આપવામાં આવ્યાં છે.
પ્રભુ તમને આશિષ આપો!

આશિષ રાયચૂર

All Peoples Church & World Outreach
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Telefon: +91-80-25452617
Email: contact@apcwo.org
Webseite: apcwo.org